GJSK180007912026

| | | |
|---|---|---|
| રજૂ તારીખ | : | ૧૦/૦૬/૨૦૨૬ |
| નોંધ્યા તારીખ | : | ૧૦/૦૬/૨૦૨૬ |
| ફેંસલ તારીખ | : | ૨૦/૦૬/૨૦૨૬ |

| સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
|---|---|---|---|
| | ૦૦ | ૦૦ | ૧૦ |

**ઇડરના મે. ત્રીજા અધિક સત્ર ન્યાયાધીશશ્રીની કોર્ટમા, મુ.ઇડર**

**ફોજદારી પરચુરણ અરજ નં.૨૯૯/૨૦૨૬**
આંક–૭

**અરજદાર :** જયંતિલાલ સ.ઓ. ધનાલાલ તેસરારામ ખેર,
ઉ.વ.આ.૧૯, ધંધો–મજુરી,
રહે.ઉપલી સુબરી, તા.દીતા ખાદરા ફળા,
તા.કોટડા, જી.ઉદેપુર.

**વિરૂધ્ધ**

**સામાવાળા :** શ્રી સરકાર

**અરજ :** **બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૩ મુજબ રેગ્યુલર જામીન મેળવવા માટે.**

---

**અરજદાર પક્ષે :: વિધ્વાન વકીલ શ્રી જે.ડી.ઝાલા**
**સામાવાળા પક્ષે :: વિધ્વાન એ.પી.પી.શ્રી એન.એન.બારોટ**

---

**// ચુકાદો //**

(૧) આ કામના અરજદાર/આરોપીએ ખેરોજ પોલીસ સ્ટેશન પાર્ટ–એ ગુ.ર.નં.૧૧૨૦૯૦૦૩૨૬૦૧૮૬/૨૦૨૬, ભારતીય ન્યાય સંહીતા ૨૦૨૩ ની કલમ–૩૦૯(૪), ૩(૫) મુજબના ગુનાના કામે રેગ્યુલર જામીન મુકત થવા હાલની અરજી દાખલ કરેલ છે.

અરજદાર તરફે તેમની અરજીના સમર્થનમાં આંક–૩ ના પુરાવા લીસ્ટથી એફ.આઇ.આર. તથા ચાર્જશીટની સર્ટીફાઇડ નકલ તેમજ જામીન અરજી અને તે લગતના હુકમની ખરી નકલ રજુ કરેલ છે.

(૨) હાલની અરજી રજૂ થતાં, સામાવાળા શ્રી સરકારને નોટિસ કરવામાં આવતાં સામાવાળા શ્રી સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી એન.એન.બારોટ આંક–૫ ની પુરસીસ આધારે હાજર થયેલા છે અને આંક–૬ થી તપાસ કરનાર અમલદારનુ સોગંદનામુ રજુ કરેલ છે.

(૩) અરજદાર તરફે વિ.વ.શ્રી ઝાલાએ રજુઆત કરતા જણાવેલ છે કે, અરજદાર/આરોપીને તારીખ : ૦૩/૦૫/૨૦૨૬ ના રોજ અટક કરી તારીખ : ૦૫/૦૫/૨૦૨૬ ના રોજ પોશીના કોર્ટમા રજુ કરેલ અને અરજદાર/આરોપીએ ફોજદારી પરચુરણ અરજ નં.૧૮૬/૨૦૨૬ થી જામીન મેળવવા અરજ કરેલ જે નામંજુર થયેલ તથા આપ નામદાર કોર્ટમા ફો.પ.અ.નં.૨૪૯/૨૦૨૬ થી જામીન મેળવવા અરજ કરેલ જે તારીખ : ૨૫/૦૫/૨૦૨૬ ના રોજ નામંજુર કરેલ છે અને અરજદાર/આરોપી જયુડીશીયલ કસ્ટડીમાં છે. સદર કામે અરજદાર/આરોપીએ ચાર્જશીટ પછી પોશીના કોર્ટમા જામીન મેળવવા ફો.પ.અ.નં.૩૩/૨૦૨૬ થી દાખલ કરેલ તે પણ નામંજુર થયેલ છે. વધુમાં રજુઆત કરેલ છે કે, ગુનો તારીખ : ૧૦/૦૪/૨૦૨૬ ના રોજ બનેલ છે અને ગુનાની ફરીયાદ તારીખ : ૧૫/૦૪/૨૦૨૬ ના રોજ આપેલ છે. ફરીયાદીએ લૂંટની ફરીયાદ અજાણ્યા ઇસમો વિરૂધ્ધ આપેલ છે. અરજદાર/આરોપીનુ ફરીયાદમાં નામ ન હોવા છતાં ખોટી રીતે ગુનામાં સંડોવી દીધેલ છે, અરજદાર/આરોપી અરજીના સરનામેના કાયમી રહેવાસી છે અને તેમના પિતાના નામે સ્થાવર તેમજ જંગમ મીલકત પણ છે, અરજદાર/આરોપી નાસીભાગી જાય તેમ નથી. અરજદાર/આરોપી વિરૂધ્ધ ઉપરોકત ગુનાના કામે ચાર્જશીટ થઇ ગયેલ છે અને તેનો ફો.કે.નં.૨૪૯/૨૦૨૬ છે. અરજદાર/આરોપી ને જામીન મુકત કરતી વખતે નામદાર કોર્ટ ફરમાવશે તે તમામ શરતોનુ પાલન કરવા તૈયાર

અને ખુશી છે તેમજ નામદાર કોર્ટ જયાં અને જયારે ફરમાવશે ત્યાં અચુક પણે હાજર હેશે. અરજદાર/આરોપી ગરીબ વર્ગના ઈસમ છે અને નાની ઉંમરના છે અને વધુ સમય જેલમા રહેવુ પડે તો તેમના કુમળા માનસ ઉપર અસર થાય તેમ છે. તે તમામ હકીકતો સંજોગો ધ્યાને લઇ અરજદાર/આરોપીઓને જામીન મુકત કરવા રજુઆત કરેલ છે.

(૪) અરજદારની જામીન અરજીનો વિરોધ કરતા એ.પી.પી.શ્રીએ રજુઆત કરેલ છે કે, ફરીયાદી પાસે રહેલ અલગ અલગ કંપનીના મોબાઇલ ફોન કુલ નંગ-૧૨, કિંમત રૂ.૫૦,૪૬૬/- ના ફરીયાદીએ બેગમા ભરેલ હતા અને તેઓ વેપાર કરી પરત જતા હતા તે દરમ્યાન કોઈ બે અજાણ્યા ઈસમોએ ફરીયાદી પાસે રહેલ મોબાઇલ ફોન ભરેલ બેગ પોતાને આપી દવા જણાવતા ફરીયાદીએ મોબાઇલ ભરેલ બેગ આપેલ નહી અને આરોપીઓએ લૂંટ કરવાના ઈરાદે એકસંપ થઇ પોતાનો સમાન બદઈરાદો પાર પાડવાના આશયથી ફરીયાદી પાસે રહેલ મોબાઇલ ફોન ભરેલ બેગને જબરજસ્તીથી ઝુંટવી લઇ લૂંટ કરી નદીના પટ તરફ ભાગી ગયેલ છે. આમ, અરજદાર/આરોપીએ ગંભીર પ્રકારનો ગુનો કરેલો છે. જેથી અરજદાર/આરોપીની જામીન અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

(૫) બંને પક્ષોની રજુઆતો, પોલીસ પેપર્સ તેમજ તપાસ કરનાર અમલદારનુ એફીડેવીટ વંચાણે લેતાં, અરજદાર/આરોપી વિરૂધ્ધ કોઈ ગુનાહીત ઈતિહાસ હોવાનું જણાઇ આવતુ નથી. વધુમાં આ કામે બનાવ તારીખ : ૧૦/૦૪/૨૦૨૬ ના રોજ બનેલ છે અને બનાવની ફરીયાદ તારીખ ૧૫/૦૪/૨૦૨૬ ના રોજ આપવામાં આવેલ છે અને આ કામે એફીડેવીટ ધ્યાને લેતાં લૂંટમાં ગયેલ મુદામાલ રીકવર થઇ ગયેલ છે અને ગુનાનુ ચાર્જશીટ પણ થઇ ગયેલ છે અને તપાસ પુર્ણ થઇ ગયેલ છે. તેમજ આરોપી વિરુધ્ધ ગુનાની કાર્યવાહી ચલાવવાની સત્તા જયુડી.મેજી.ફ.ક.શ્રીને છે, તેમજ અરજદાર/આરોપી તરફેની રજુઆત, ગુનાની ગંભીરતા, સજાની જોગવાઇ તથા તપાસના કાગળો વંચાણે લેતાં, તેમજ આ કામે એફીડેવીટમા સેવેલ

ભયસ્થાનો અંગે કડક શરતોને આધીન જામીન મુકત કરવા યોગ્ય જણાઇ આવે છે. જેથી **નામદાર સુપ્રિમ કોર્ટે, સંજય ચંન્દ્રા વિરૂધ્ધ સી.બી.આઇ. ૨૦૧૨ (૧), જી.એલ.એચ. ૯૩** પરના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો, તેના હાર્દને તથા તેમા ટાંકેલ અન્ય ચુકાદાઓના હાર્દને અને તેમાના અવલોકનોને ધ્યાને લેતા અત્રેની અદાલતની વિવેકાધીન સત્તાનો ઉપયોગ કરી અરજદાર/ આરોપીને શરતોને આધીન જામીન મુકત કરવા ન્યાયોચિત જણાઇ આવતુ હોય, ન્યાયના વિશાળ હિતમા નીચે મુજબનો આખરી હુકમ કરવામા આવે છે.

**<u>// હુકમ //</u>**

(૧) અરજદાર/આરોપીની હાલની આ રેગ્યુલર જામીન અરજી આથી મંજુર કરવામા આવે છે.

(૨) અરજદાર/આરોપી જયંતિલાલ સ.ઓ. ધનાલાલ તેસરારામ ખેર, રહે.ઉપલી સુબરી, તા.દીતા ખાદરા ફળા, તા.કોટડા, જી.ઉદેપુરના ઓને ખેરોજ પોલીસ સ્ટેશન પાર્ટ–એ ગુ.ર.નં.૧૧૨૦૯૦૦૩૨૬૦૧૮૬/૨૦૨૬, ભારતીય ન્યાય સંહીતા ૨૦૨૩ ની કલમ–૩૦૯(૪), ૩(૫) મુજબના ગુનાના કામે દરેક આરોપીએ રૂા.૨૫,૦૦૦/– (અંકે રૂપિયા પચ્ચીસ હજાર) પુરાના સધ્ધર જામીન અને તેટલીજ રકમના જાતમુચરકા આપ્યેથી નીચેની શરતોને આધીન જામીન મુકત કરવાનો હુકમ કરવામા આવે છે.

**શરતો :–**

(૧) અરજદાર/આરોપીએ ટ્રાયલ દરમ્યાન સબંધીત કોર્ટમા દર મુદતે હાજર રહેવું.

(૨) અરજદાર/આરોપીએ ફરીયાદ પક્ષના સાક્ષી સાહેદોને ફોડવાની કોશીશ કરવી નહી કે ધાકધમકી આપવી નહી.

(૩) અરજદાર/આરોપીએ તેમનુ તાજેતરનુ રહેઠાણનુ સરનામુ, મોબાઇલ નંબર સહીત તપાસ કરનાર/ ટ્રાયલ કોર્ટ સમક્ષ જાહેર કરવુ અને જો તેમાં ફેરફાર થાય તો તેની જાણ તાત્કાલીક ટ્રાયલ અદાલતને કરવી.

(૪) અરજદાર આરોપીએ જામીન આપતી વખતે તેમના તથા તેમના જામીનદારના પાસપોર્ટ સાઇઝના ફોટોગ્રાફ્સ રજુ કરવાના રહેશે.

(૫) અરજદાર/આરોપી જો પાસપોર્ટ ધરાવતા હોય તો સબંધિત અદાલત સમક્ષ જમા કરાવવો અને જો પાસપોર્ટ ધરાવતા ન હોય તો તે અંગેનુ સોગંદનામુ કોર્ટ સમક્ષ રજુ કરવુ.

(૬) અરજદાર/આરોપીએ ફરીથી કોઇ ગુનાહિત પ્રવૃતિ કરવી નહી.

(૭) અરજદાર/આરોપીએ ટ્રાયલ અદાલતની પુર્વ પરવાનગી સીવાય ભારત દેશની હદ છોડવી નહી.

(૮) જામીન તથા જાતમુચરકા ટ્રાયલ કોર્ટમાં આપવા.

(૯) ઉપરોકત શરતો પૈકી કોઇ પણ શરતનો ભંગ થયેથી ટ્રાયલ અદાલત કાયદેસરની કાર્યવાહી કરી શકશે તેમજ જરુર જણાયે શરતોમા ફેરફાર કે ડીલીટ કરી શકશે.

આ હુકમની જાણ પોલીસ સ્ટેશન/ ટ્રાયલ કોર્ટ ને કરવી.

હુકમ આજ તારીખ **: ૨૦** મી માહે **જૂન** સને **૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમા વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

તારીખ :૨૦/૦૬/૨૦૨૬
સ્થળ : ઇડર

**(એમ.વાય.રાધનપુરવાલા)**
ત્રીજા અધિક સત્ર ન્યાયાધીશ
ઇડર–સાબરકાંઠા
જજ કોડ જીજે ૦૦૭૩૪

***BYT ***